# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

**************************************************

1. રાજ્યસભામાં વંદેમાતરમ્ ની ચર્ચામાં ભાગ લેતા કેન્દ્રીય મંત્રી અમિત શાહે કહ્યુ વંદેમાતરમ્ અંગેનું સમર્પણ કાયમ
2. રાહુલ ગાંધીના SIR વિરૂદ્ધના નિવેદનનો જવાબ આપતા કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટરે કહ્યું, કોંગ્રેસના શાસનમાં કોઇ પારદર્શકતા ન હતી
3. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું ભારતમાં માનવ અધિકારોનું ફક્ત રક્ષણ જ નહીં ઉજવણી પણ થાય છે
4. શ્રીલંકાની જેલમાંથી તેત્રીસ ભારતીય માછીમારોને મુક્ત કરવામાં આવ્યા
5. દીપાવલીના તહેવારનો યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સમાવેશ

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# AMIT SHAH VANDE MATRAM

સંસદમાં રાષ્ટ્રગાન વંદે માતરમ અંગે ચર્ચા ચાલી રહી છે. આજે પણ સંસદના બંને ગૃહોમાં આ ચર્ચા ચાલી રહી છે. રાજયસભામાં વંદેમાતરમની ચર્ચામાં ભાગ લેતા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે કહ્યુ હતું કે વંદેમાતરમ અંગેનુ સમર્પણ કાયમ છે.

(બાઇટ- અમિત શાહ , કેન્દ્રીય ગૃહમંત્રી)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BJP-RAHUL SIR

**કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલે કહ્યું છે કે, નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારમાં ચૂંટણી પંચ સહિત તમામ બંધારણીય સંસ્થાઓ વધુ પારદર્શક બની રહી છે. ચૂંટણી પંચ અને SIR પર રાહુલ ગાંધીની ટિપ્પણીની ટીકા કરતા તેમણે કહ્યું કે, કોંગ્રેસ શાસનથી વિપરીત, પહેલીવાર આ બંધારણીય સંસ્થાઓમાં પારદર્શિતા જાળવવામાં આવી રહી છે.**

**(BYTE- મનોહર લાલ (NSD WHATSAPP GROUP)**

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ પણ કોંગ્રેસ નેતા પર ચૂંટણી પંચ સામે ખોટા આરોપો લગાવવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે, જ્યારે કોંગ્રેસ ચૂંટણી હારે છે ત્યારે તેઓ **EVM** અને મતોમાં ગોટાળાનો મુદ્દો ઉઠાવે છે.

**(BYTE -** પ્રહલાદ જોશી **(NSD WHATSAPP GROUP)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LS - RAILWAY STATION

સરકારે કહ્યું છે કે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ૧૬૦ રેલ્વે સ્ટેશનોનું કામ પૂર્ણ થઈ ગયું છે. આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, યોજના હેઠળ વિકાસ માટે એક હજાર ૩૦૦ થી વધુ સ્ટેશનોની ઓળખ કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે, સરકાર પેસેન્જર હોલ્ડિંગ એરિયા, પેસેન્જર હોલ, પાર્કિંગ અને રેલ્વે સ્ટેશનો સુધી સરળ પહોંચ બનાવીને રેલ્વે સ્ટેશનો પર મુસાફરોની સુવિધાઓ સુધારવા માટે કામ કરી રહી છે.

શ્રી વૈષ્ણવે ભાર મૂક્યો કે સ્ટેશનના પુનઃવિકાસનું કાર્ય મુસાફરોની સલામતી ને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## PREZ-EARLY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે જણાવ્યું હતું કે ભારત એક એવો રાષ્ટ્ર બનવા માટે પ્રતિબદ્ધ છે જ્યાં માનવ અધિકારોનું રક્ષણ જ નહીં પણ ઉજવણી પણ થાય છે. માનવ અધિકાર દિવસ 2025 અને નવી દિલ્હીમાં રોજિંદા આવશ્યકતાઓને સુનિશ્ચિત કરવા પર રાષ્ટ્રીય પરિષદને સંબોધતા, રાષ્ટ્રપતિએ ભાર મૂક્યો કે કોઈને પણ તેમના અધિકારોથી વંચિત ન રાખવું જોઈએ. રાષ્ટ્રપતિ મુર્મુએ ઉમેર્યુ કે માનવ અધિકાર દિવસ એક ન્યાયી, સમાન અને કરુણાપૂર્ણ સમાજની પૃષ્ઠભૂમિ બનાવે છે. શ્રીમતી મુર્મુએ ઉમેર્યું કે ન્યાય એ ભારતના દરેક વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર રહેવો જોઈએ.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## NHRC CONFERENCE

પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી.કે. મિશ્રાએ જણાવ્યું હતું કે ભવિષ્યમાં ભારતની આકાંક્ષા એક એવો રાષ્ટ્ર બનવાની છે જ્યાં દરેક નાગરિક કાર્યક્ષમ સંસ્થાઓ અને કરુણાપૂર્ણ શાસન દ્વારા ગૌરવપૂર્ણ જીવન

જીવી શકે. નવી દિલ્હીમાં માનવ અધિકાર દિવસ 2025 અને દૈનિક જરૂરિયાતો સુનિશ્ચિત કરવા પર રાષ્ટ્રીય પરિષદને સંબોધતા ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે સુશાસન એ એક આવશ્યક અધિકાર છે જેમાં કાર્યક્ષમ પ્રણાલીઓ, પારદર્શક પ્રક્રિયાઓ અને સંસ્થાઓનો સમાવેશ થાય છે જે લોકો સાથે આદર અને કરુણાથી વર્તે છે. . તેમણે નોંધ્યું હતું કે 2014 થી, સરકારે ખાતરી કરી છે કે લાભ છેલ્લા વ્યક્તિ સુધી પહોંચે. તેમણે કહ્યું કે 1948માં માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણાએ વિશ્વને ગૌરવનો એક સામાન્ય શબ્દભંડોળ આપ્યો હતો, અને ભારતે આ પ્રક્રિયામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## PM-SHAHID DIVAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શહીદ દિવસ નિમિત્તે આસામ ચળવળના તમામ નાયકોને યાદ કર્યા. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે આ ચળવળ હંમેશા દેશના ઇતિહાસમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. શ્રી મોદીએ આસામની સંસ્કૃતિ અને રાજ્યના સર્વાંગી વિકાસ પ્રત્યે દેશની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## FISHERMEN FREED

શ્રીલંકાની જેલમાંથી તેત્રીસ ભારતીય માછીમારોને મુક્ત કરવામાં આવ્યા હતા. શ્રીલંકાની જેલમાં બંધ નાગપટ્ટીનમ, મયિલાદુથુરાઈ, કોટ્ટાઈપટ્ટીનમ અને રામેશ્વરમના માછીમારોની 3 નવેમ્બરના રોજ ધરપકડ કરવામાં આવી હતી.

**ભારતીય દૂતાવાસના અધિકારીઓ દ્વારા તેમને ભારત પાછા ફરવા માટે કટોકટી પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા કારણ કે તેઓ ભારતીય પાસપોર્ટ ધારકો નહોતા.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SOUTH GOA-FIREWORKS BAN

દક્ષિણ ગોવાના જિલ્લા મેજિસ્ટ્રેટે જિલ્લામાં પર્યટન સ્થળોએ ફટાકડા, સ્પાર્કલ્સ અને ધુમાડા છોડતા ઉપકરણોના ઉપયોગ પર કડક પ્રતિબંધ લાદ્યો છે. આ પ્રતિબંધ નાઈટક્લબ, બાર, રેસ્ટોરન્ટ, હોટલ, ગેસ્ટહાઉસ, રિસોર્ટ, બીચ, કામચલાઉ માળખા, સ્થળો અને મનોરંજન સંસ્થાઓમાં યોજાતા કાર્યક્રમોમાં સામેલ તમામ આયોજકો, ઇવેન્ટ મેનેજરો, સંસ્થાઓ અને વ્યક્તિઓને પણ લાગુ પડે છે. ઉત્તર ગોવામાં એક નાઇટક્લબમાં તાજેતરમાં લાગેલી આગમાં 25 લોકોના મોતની ઘટના બાદ બાદ આ આદેશ જારી કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JAMMU-GAMES

યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે લોકસભામાં માહિતી આપી હતી કે જમ્મુ અને કાશ્મીરે રાષ્ટ્રીય રમતગમત ક્ષેત્રે નોંધપાત્ર છાપ છોડી છે. મંત્રાલય અનુસાર, જમ્મુ અને કાશ્મીરના ખેલાડીઓએ ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ 2025 સહિત મુખ્ય ખેલો ઇન્ડિયા ઇવેન્ટ્સમાં ભાગ લીધો હતો. કેન્દ્રશાસિત પ્રદેશે આ રમતોમાં સૌથી વધુ 87 ખેલાડીઓની ભાગીદારી નોંધાવી હતી. ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સ 2023માં 54, 2025માં 53 અને ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2023માં 34 ખેલાડીઓએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DEEPAVALI-UNESCO

ભારતના અગ્રણી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક તહેવારોમાંના એક, દીપાવલીનો આજે સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંગઠન (યુનેસ્કો) ની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ જાહેરાત કરતા, સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કહ્યું કે આ દરેક ભારતીય માટે ભાવનાત્મક ક્ષણ છે. તેમણે કહ્યું કે દિવાળી ફક્ત ઉજવવામાં આવતી નથી, પરંતુ પેઢી દર પેઢી અનુભવાય છે, જીવાય છે અને આત્મસાત થાય છે. શ્રી શેખાવતે કહ્યું કે આ માન્યતા

ફક્ત સન્માન નથી, પરંતુ દિવાળીને જીવંત વારસો બનાવે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CAMBODIA-THAI-CONFLICT

કંબોડિયન સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું છે કે થાઇલેન્ડ સાથે સરહદી સંઘર્ષનો ચોથા દિવસ છે. આ દરમિયાન એક લાખ થી વધુ કંબોડિયન ગ્રામજનો તેમના ઘર છોડીને સલામત સ્થળે સ્થળાંતર કરી ગયા છે. કંબોડિયન સંરક્ષણ મંત્રાલયના અંડરસેક્રેટરી ઓફ સ્ટેટ અને પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ માલી સોચેતાએ ગઈકાલે જણાવ્યું હતું કે વિસ્થાપિત લોકોની કુલ સંખ્યા એક લાખથી વધુ છે..શિશુઓ, બાળકો, સગર્ભા સ્ત્રીઓ, વૃદ્ધો અને અપંગ લોકો સલામતી જગ્યાએ જતા રહ્યાં છે.. તેમણે કહ્યું કે થાઈ સેનાએ રવિવાર બપોરથી બુધવાર સવાર સુધી કંબોડિયન લશ્કરી સ્થળો અને નાગરિક વિસ્તારો પર હુમલો કરવા માટે F-16 ફાઇટર જેટ સહિત ભારે અને વિનાશક શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો. અહેવાલો અનુસાર, આ સંઘર્ષમાં ઓછામાં ઓછા સાત કંબોડિયન નાગરિકો માર્યા ગયા અને 20 અન્ય ઘાયલ થયા. મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, દિવસની શરૂઆતમાં, સિંગાપોરના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ

થાઇલેન્ડ અને કંબોડિયાને સંયમ રાખવા અને સંવાદ અને વાટાઘાટો દ્વારા તેમના મતભેદોનો ઉકેલ લાવવા હાકલ કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## Women's Hockey

**FIH મહિલા જુનિયર હોકી વર્લ્ડ કપમાં 9મા સ્થાન માટે ભારતે પેનલ્ટી શૂટઆઉટમાં ઉરુગ્વેને 3-1થી હરાવ્યું હતું.**

**ભારત તરફથી મનીષાએ એકમાત્ર ગોલ કર્યો. ઉરુગ્વેની જસ્ટિના અરેગુઈએ ગોલ કરીને મેચ બરાબરી કરી. ત્યારબાદ, પૂર્ણિમા યાદવ, ઈશિકા અને કનિકાએ શૂટઆઉટમાં ત્રણ ગોલ કર્યા જ્યારે ઉરુગ્વેની જિયો ઓગસ્ટિનાએ એક ગોલ કર્યો હતો. આવતીકાલે, ભારત 9મા સ્થાન માટે સ્પેન સામે ટકરાશે.**

. . . . . . . . . . . . . . .